

## વીસમી સદીનું ગુજરાત

સંપાદન : શિરીષ પંચાલ, બકુલ ટેલર, જયદેવ શુક્લ
સંવાદ પ્રકાશન (વડોદરા)
પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૨૦૦૨,
કિંમત : રૂ. ૪૦૦, પાનાં : ૪૨૪

*રાજકારણ, સાહિત્ય, સમાજ જીવન, દલિતો, સ્ત્રીઓના પ્રશ્નો, કળા, પુરાતત્ત્વ, સિનેમા, નૃત્યથી માંડીને સંગીત અને સ્થાપત્ય જેવાં વીસ ક્ષેત્રોમાં ગઇ સદીમાં ગુજરાતની સ્થિતિને મૂલવતા અભ્યાસલેખોનું સંપાદન. ચિત્રો, કોઠા અને માહિતી-સંદર્ભો સહિતનો અભ્યાસગ્રંથ.*

વીસમી સદીના પૂર્વાર્ધ કરતાં ઉત્તરાર્ધમાં અને ઉત્તરાર્ધની પહેલી પચીસી કરતાં બીજી પચીસીમાં આપણા સમાજમાં સાંપ્રદાયિક ઝનૂનનું પ્રમાણ પણ એટલું જ વધ્યું છે. કળાકૃતિઓ ઉપરનાં આક્રમણો ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. સહિષ્ણુતા, ઉદારતા, ક્ષમા, નિષ્ઠા, બહુલતાવાદને સ્વીકૃતિ, પ્રામાણિકતા જેવાં પાયાનાં મૂલ્યો વિસરાતાં ચાલ્યાં છે. આ મૂલ્યોમાંથી સામાન્ય માનવી પણ શ્રદ્ધા ગુમાવી બેઠો છે અને એટલે જ બધા જ જાહેર નિગમોની સમૃદ્ધિ ધીમે ધીમે ઓસરતી ચાલી છે. સમાજ કળાકાર, ચિંતક કે વિજ્ઞાની કરતાં ફિલ્મી નટનટીઓને, ખેલાડીઓને, સૌંદર્યસ્પર્ધામાં ભાગ લેતી નારીઓને વધારે ઓળખે છે. એક સમયે પ્રજા સમાજના માંધાતાઓથી ડરી ડરીને ચાલતી હતી, પણ હવે તો સામાજિક માળખાની નાનામાં નાની ખીલી પણ બ્રહ્માસ્ત્ર બનીને મરણતોલ ફટકા મારવા તૈયાર થઇ છે.



## વેવિશાળ

ઝવેરચંદ મેઘાણી
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ત્રીજી આવૃત્તિ (૧૧મું પુનઃમુદ્રણ) : ૨૦૦૩,
કિંમત : રૂ. ૯૫, પાનાં : ૨૫૪

*સામાજિક નવલકથા*

એક સુશિક્ષિત વાચકે પૂછ્યું હતું કે, 'તમે સુશીલાને એના સસરા પર ભાવ પેદા થાય છે તેનાં કારણો તો બરાબર બતાવ્યાં છે; પણ સુશીલાને સુખલાલ પર વહાલ થવાનાં કારણો નથી આપ્યાં.'

મેં આ પ્રશ્ન તપાસી જોયો. સુશીલાને મેં પૂછી જોયું કે, 'બાઇ, તારાં કારણો તો બતાવ! તેં મને થાપ ખવરાવી છે?' જવાબમાં સુશીલાએ મને કહ્યું કે,'સાચી વાત છે, મારા બ્રહ્માજી! પણ હવે તો હું તમને એક પણ કારણ આપવા બંધાયેલી નથી. હું હૈયાફૂટી નથી. એટલું જ ફક્ત તમને કહું છું. બાકી સુખલાલ પર મને વહાલ ઉત્પન્ન થવાનાં કારણો માગનાર તમે કોણ? બસ, કશા કારણ વગર શું હું કોઇને ચાહી ન શકું? આથી વધુ કાંઇ ખુલાસો મારે તમને કરવાનો નથી. બધી વાતનાં કારણો! બસ કારણો! ને એ કારણો પાછાં અમારે તમને સૌને કહેવાનાં- કેમ?' (પ્રસ્તાવનામાંથી)



## વ્યથાનાં વીતક

જોસેફ મેકવાન
આર.આર. શેઠની કંપની
બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ : જુલાઇ, ૧૯૮૯,
કિંમત : રૂ. ૪૩, પાનાં : ૨૬૭

દલિતો-પીડિતો-શ્રમિકોના જીવતરનો એમની વેદનાઓનો પરિચય કરાવતાં ઓગણીસ રેખાચિત્રોનો સંગ્રહ.

એક કાળે અમે મરતાં સુધી મૈત્રી નભાવવાના કોલ દીધા હતા; આજે કાળ એને ફોક કરી રહ્યો હતો. કિટસનના અજવાળે એને (લાલસખા મગનને) કબરમાં પોઢાડ્યો ત્યારે એના નિજના જણ તરીકે સૌ પહેલી માટી વાળવાનું મને કહેવામાં આવ્યું. પાંચ મુઠ્ઠી માટી એના દેહ પર નાંખતાં છેલ્લી મુઠ્ઠીએ અચાનક મારું મન પોકારી ઊઠ્યું :

'બહુ મમતા હતી તારી અમને-ને મરીને તારામાં જ મળી જવાના કોડ; પણ આજે તારા જ સોગંદ ખાઇને કહું છું : હું અંતરિયાળ મરવાનું પસંદ કરીશ; પણ તારો કણ મને નહીં અડવા દઉં! તું અમારે માટે અભિશપ્તા છે; તું અમારાં દુઃખ-દરદ નહીં જ ટાળે!'



## શબ્દકથા

હરિવલ્લભ ભાયાણી
ગુજરાતી સાહિત્ય પરિષદ
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩, કિંમત : રૂ. ૨૪, પાનાં : ૨૨૦

સેંકડો ગુજરાતી શબ્દોના પૂર્વસ્વરૂપ, મૂળ અને ઇતિહાસનો પરિચય આપતી નોંધો, એક પ્રખર ભાષાવિજ્ઞાની દ્વારા થયેલી. એક દૃષ્ટાંત ફરસાણ : 'જોડણીકોશ'માં ફરસુનો અર્થ 'ચણા, વટાણા વગેરે કઠોળખાતાં લાગતા સ્વાદનું' એવો આપ્યો છે. આ અર્થ અધૂરો છે. ચાલુ પ્રયોગોમાં તો ખારીતીખી - એટલે કે મીઠા મરચાવાળી, મુખ્યત્વે તળેલી કે વઘારેલી વાની તે ફરસાણ, ને તેનો સ્વાદ તે ફરસો. ઘઉંના લોટની હવેજવાળી પૂરી ફરસી પૂરી જ કહેવાય છે. આ રીતે ગળ્યા મિષ્ટાન્નની વિરુદ્ધમાં - કે જોડે જ - ખારાતીખા 'ફરસાણ'નો પ્રયોગ થાય છે. મૂળ સંસ્કૃત શબ્દ પરુષ પરથી પ્રાકૃત ફરુસ થયું. તેનો અર્થ 'કર્કશ, કઠોર, ખરબચડું'. પછીથી તીખાતમતમતા કે ખારાખાટા મિશ્ર સ્વાદ માટે ફરસું વપરાતો થયો. ફરસા ને ણ પ્રત્યય લાગી ફરસાણ થયો છે. ણ પ્રત્યય સાધારણ રીતે તો ક્રિયાપદને લાગે છે. વેચાવું-વેચાણ, રોકાવું-રોકાણ ને તે જ પ્રમાણે ખોદાણ, મંડાણ, બંધાણ, દબાણ. પણ ણ પ્રત્યય કવચિત વિશેષણને પણ લાગ્યો છે. લાંબું-લંબાણ, ટૂંકું-ટૂંકાણ તે જ પ્રમાણે ફરસુ ને ફરસાણ.



## શિવતરંગ

શિવ પંડ્યા
સાધના પ્રકાશન
પહેલી આવૃત્તિ : ૧૯૭૬,
કિંમત : રૂ.૭, પાનાં : ૧૬૪

*૧૫૪ કાર્ટૂનોનો સંગ્રહ*

દૈનિક કાર્ટૂનોમાં લક્ષ્મણ શબ્દની સારી એવી મદદ લે છે. ક્યારેક તો સાથેનું વાક્ય વાંચી લેવાથી જ પૂરો સંતોષ થઇ જાય. જ્યારે શિવભાઇનો કટાક્ષ કે વિનોદ સીધો રેખાઓમાં જ ઝિલાય છે. સાથે માત્ર શીર્ષક મુક્યું હોય તો પણ ચાલે. ઉપાદાન તરીકે રંગ અને રેખાનો એ ક્યાસ કાઢી શકે છે. રજૂઆત માટે એમણે કોઇ કાયમી પ્રવક્તા રાખ્યો નથી. દરરોજ નવી ગિલ્લી, નવો દાવ. અભિવ્યક્તિના વૈવિધ્ય સાથે કથનનું વૈવિધ્ય પણ ધ્યાન ખેંચે છે. એ કહે છે કે આપણે ક્યાં કમિટેડ છીએ? કમિટેડ ન હોય એ લિમિટેડ પણ ન હોય. શિવભાઇના દાખલામાં એ સાચું જ છે. સારું પણ છે. (રઘુવીર ચૌધરી, પ્રસ્તાવનામાંથી)